| PUBLICATION NAME : | Prabhat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 13/12/23 |
| PAGE : | 3 |

# ભારતની હસ્તકલા અને કારીગરોનું સંવર્ધન કરીને ટકાઉ ભવિષ્યનું નિર્માણ




આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ દ્વારા ૮મી ડિસેમ્બરે થોટ લીડરશિપ સેમિનાર અને થીમેટિક ફેશન શો અને ૮મી અને ૯મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ એચએસબીસીના સમર્થનથી પ્રોજેક્ટ હેન્ડમેડ ઈન ઈન્ડિયા હેઠળ (એચએમઆઈ) વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કોલાબા, મુંબઈ ખાતે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ ભારતમાં હેન્ડમેડ પ્રોજેક્ટમાં ઈમ્પ્લિમેન્ટેશન પાર્ટનર છે. આસામમાં કામરૂપ, ઓરિસ્સામાં બરગઢ, ગુજરાતમાં ભુજ અને સુરેન્દ્રનગર, મધ્ય પ્રદેશમાં મહેશ્વર અને તમિલનાડુમાં સલેમ એમ છ ક્લસ્ટરોને હેન્ડમેડ ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ ટેકો આપવામાં આવી રહ્યો છે.

એક્ઝિબિશનમાં પ્રોજેક્ટ એચએમઆઈ હેઠળ આવરી લેવામાં આવેલા છ ક્લસ્ટરોની પ્રોડક્ટ્સ પ્રદર્શનમાં છે. ઈડીઆઈઆઈદ્વારા પ્રશિક્ષિત તેમાં ભાગ લઈ રહેલા કારીગરો અને કસબીઓસાથે કુલ ૨૫ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

ઈવેન્ટનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન એચએસબીસીના કોર્પોરેટ સસ્ટેનેબિલિટીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રોમિત સેનઅને અતિથિ વિશેષ મુંબઈના ટેક્સટાઈલ્સ કમિટીના સીઈઓ અને એડિશનલ ટેક્સટાઈલ કમિશ્નર શ્રી સત્ય પ્રસાદ વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પ્રસંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા, ઈડીઆઈઆઈના પ્રોજેક્ટ્સ વિભાગના (કોર્પોરેટ) ડિરેક્ટર ડો. રમણ ગુજરાલ અને સરકારી મંત્રાલયો/વિભાગોના અન્ય વરિષ્ઠ અધિકારીઓ તથા જાણીતા સંસ્થાઓના કોર્પોરેટ નેતાઓ અને ઉદ્યોગસાહસિકો પણ ઉપસ્થિત હતા.

ઈવેન્ટની શરૂઆત થીમ આધારિત ફેશન શોથી થઈ હતી જેમાં 'ક્રાફ્ટિંગ અ સસ્ટેનેબલ ફ્યુચરઃ હેન્ડમેડ ઈન ઈન્ડિયા'અને 'ઈન્સ્પાઈરિંગ હેરિટેજ, એમ્પાવરિંગ ફ્યુચરઃ હેન્ડલૂમ્સ ઈન મોર્ડન ઈન્ડિયા'થીમ હેઠળ ટકાઉપણા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ટકાઉપણા અને સશક્તિકરણને અપનાવવાનો સંદેશ આપતી વખતે દરેક સમૂહે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સન્માનિત કરતાં કાલાતીત કલા-કારીગરીની વાત રજૂ કરી હતી. ડિઝાઈનરોએ મોડેલ્સ માટે વસ્ત્રો બનાવવા માટે પ્રોજેક્ટ એચએમઆઈહેઠળ ઈડીઆઈઆઈ પ્રશિક્ષિત કારીગરો દ્વારા વિકસિત કાપડનો ઉપયોગ કર્યો હતો.